CRMA NO. 8990/2026

**<u>રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૬૨૬૦૧૪૭/૨૦૨૬ ના કામે આરોપી વૈભવ રજનીકાંત શીંદે નાઓની જામીન અરજી લગત હુકમ :</u>**

(૧) આરોપીની જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી તથા સરકાર તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. પોલીસ પેપર્સ–કેસ ડાયરી વંચાણે લીધી.

(૨) આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે, આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે,આરોપીઓ કયાંય નાસી ભાગી જાય તેમ નથી આરોપીએ અન્ય કોઈ ગુન્હો કરેલ નથી, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે, અદાલત જે કાઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અચુક પાલન કરશે, આરોપી ઉપર જે ગુન્હાનો આક્ષેપ છે તે આજ અદાલત ધ્વારા ટ્રાયબલ કેસ છે તેવી રજુઆત કરી આરોપીને જામીન ઉપર મુકત કરવાં ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૩) સરકાર તરફે વિ.એપીપીશ્રી પોતાની દલીલમાં એવું જણાવે છે કે આ કામમાં પોલીસ તરફથી ગુન્હાની જે કલમ લગાડવામાં આવેલ છે તે બરોબર છે, આરોપી વીરુઘ્ઘ જે ગુન્હાનો આક્ષેપ છે તે આરોપીએ જ કરેલ છે, આરોપીએ જે પ્રકારે ગુન્હો આચરેલ છે તેનુ સ્વરૂપ ઘ્યાને લેતાં ખુબ ગંભીર પ્રકારે ગુન્હો આચરેલ છે. સમાજમાં દીનપ્રતિદીન આવા પ્રકારના ગુન્હાનું પ્રમાણ વધતું જાય છે અને આરોપી સરળતાથી બેલ આઉટ થતા બીજા ગુનેગારો પણ આવા ગુના કરવા પ્રેરાય છે અને રાજય તથા સમાજને ખુબ મોટા પ્રમાણમાં નુકશાન જાય છે. આરોપીએ જે રીતે ગુન્હો આચરેલ છે તે ઘ્યાને લેતાં આરોપીને જામીન મુકત કરવાં જેવો કેસ જણાઈ આવતો ના હોય આથી આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે સખ્ત વાંઘો લીધેલ છે.

(૪) આરોપીના વિધ્વાન વકીલશ્રી તથા સરકાર તરફે વિ.એપીપીશ્રી તથા તપાસ કરનાર અમલદારની રજૂઆત તથા રજુ કરવામાં આવેલ કેસ પેપર્સ ધ્યાને લેતાં આ કામના આરોપી ઉપર ધી બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪) મુજબનો ગુન્હો નોંધાયેલ છે. જામીન અરજીના તબ્બકે નામ. સુપ્રિમકોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં આ કામના આરોપી ઉપર જે ગુનાનો આરોપ છે તે ગુનાનું સ્વરૂપ ધ્યાને લેતા આરોપી સામે નોંધાયેલ ગુનો ચલાવવાની સત્તા અત્રેની અદાલતને છે. તેમજ ગુનાની ટ્રાયલ ચાલતા કેટલો સમય લાગશે તે ચોકકસ કહી શકાય તેમ નથી. જો હાલના આરોપીઓને જામીન મુકત ન કરવામાં આવે તો પ્રિટાયલ પનિશમેન્ટ જેવી પરિસ્થિતિ ઉભી થવાની શકયતા રહેલી છે. તેમજ આ કામે વધુમાં વધુ સજાની જોગવાઈ ધ્યાન સમક્ષ રાખતાં હાલના આ કેસમાં શરતો મુકવી યોગ્ય જણાઈ આવતાં હાલની આ જામીન અરજીના કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

CRMA NO. 8990/2026

**::: <u>હુકમ</u> :::**

**<u>રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૬૨૬૦૧૪૭/૨૦૨૬ ના કામે આરોપી વૈભવ</u>**

**<u>રજનીકાંત શીંદે</u>** નાઓએ ઉપરોકત ગુનાના કામે આરોપીએ રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સધ્ધર લોકલ જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી નીચેની શરતને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

(૧) આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી, પુરાવા સાથે ચેડા કરવાં નહી કે લોભ લાલચ પ્રલોભન કે ધાક ધમકી આપવી નહી.

(૨) આરોપીએ તપાસના કામે સંપૂર્ણ સાથ- સહકાર આપવાનો રહેશે અને તપાસ કરનાર અધિકારી તપાસના કામે જયાં અને જયારે બોલાવે ત્યાં અને ત્યારે ઉપસ્થિત થવું.

(૩) આરોપીએ પોતાના રહેણાંકનું કાયમી સરનામું, ટેલીફોન,મોબાઈલ નંબર સાથે રજુ કરવાના રહેશે.

(૪) આરોપીએ અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજય ની હદ છોડવી નહી.

(૫) આરોપીએ ફરી આવો કે, અન્ય કોઈપણ પ્રકારનો ગુનો આચરવો નહી.

(૬) આરોપીએ ટ્રાયલ દરમ્યાન દર મુદ્દતે હાજર રહી કેસ આગળ ચલાવી લેવાનો રહેશે.

(૭) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરત નો આરોપી ભંગ કરશે તો તેઓ ના જામીન આપોઆપ રદ ગણાશે.

(૮) ઉપરોકત તમામ શરતો આરોપીઓ બરોબર રીતે સમજયાં છે અને તેઓ આ શરતોનું બીનચુક પાલન કરશે તે બાબતની બાહેધરી રજુ કરવાની રહેશે.

-આરોપી ધ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યાની જાણ (યોગ્ય આધાર સાથે) તપાસ કરનાર અમલદાર કે, થાણા અધિકારીએ આ અદાલતને તાત્કાલીક કરવાની રહેશે.

- સદર હુકમ ની જાણ લગત પોલીસ સ્ટેશનને યોગ્ય કાર્યવાહી માટે તાત્કાલીક મોકલી આપવાની રહેશે.

હુકમ આજ રોજ તારીખ-૧૯ મી, માહે. ઓગષ્ટ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૧૯/૦૮/ ૨૦૨૬.
સ્થળ:- અમદાવાદ શહેર.

**(શ્રીમતી ડી.આર.ઠાકુર )**
૨૦ મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર.
કોડ નં. જીજે.૦૧૨૪૧